લોક સંવાદ સેતુ – ૨૦૧૬ : તા. વિસાવદર, જી. જુનાગઢ

| ક્રમ | રજૂઆતની વિગત | અધ્યતન અહેવાલ | નિકાલ ની કક્ષા |
|---|---|---|---|
| ૧ | શ્રી હરસુખભાઈ રાજાભાઈ લાખાણી , ગામ – સરસાઈ દ્વારા , સદર પ્રશ્ન કરવામાં આવેલ છે.<br>સદર પ્રશ્ન માં સરકારી જમીન અને ગટર લાઈન ઉપર પેશકદમી કરવા બાબત તથા માહિતી ન આપવા બાબત નો છે | સદર અરજદારની તા. ૨૯.૦૧.૧૬ ને આધારે અરજદારે અન્ય વ્યક્તિ શ્રી વિનુભાઈ બાબુભાઈ સાવલીયા ના વીજ કને. ડોક્યુમેન્ટ માંગેલ હતા. પરંતુ સદર માહિતી ત્રાહિત પક્ષકારની હોય ત્રાહિત પક્ષકારને અત્રેની કચેરી દ્વારા સદર માહિતી આપવા વિષે પૂછતાં ત્રાહિત પક્ષકાર શ્રી વિનુભાઈ બાબુભાઈ સાવલીયા એ તેમની માહિતી અન્ય કોઈને આપવામાટે ના પાડતા આર.ટી..આઈ એક્ટ ૨૦૦૫ મુજબ અત્રેની કચેરી દ્વારા અરજદારને પત્ર નં ૧૧૭૮ તા. ૨૪.૦૨.૧૬ થી જાણ કરેલ કે સદર માહિતી આપશ્રી આપી શકાય નહી. ત્યાર બાદ સદર અરજદારે અપીલ અધિકારીશ્રી પ.ગુ.વિ.ક લી. જુનાગઢ ને અપીલ કરેલ જેના અનુ. અપીલ અધિકારીશ્રી એ તા. ૧૫.૦૩.૧૬ ના રોજ સદર અરજદારને અપીલ સુનવણીમાં સાંભળી ને હુકમ કરેલ કે શ્રી જાહેર માહિતી અધિકારી નાયબ ઈજનેર પીજીવીસીએલ. પેટા વીભાગીય કચેરી-૨ વિસાવદર દ્વારા આપવામાં આવેલ માહિતી “માહિતી અધિકાર અધિનિયમ “ મુજબ યોગ્ય છે તથા જો આ હુકમ થી સંતુસ્થ ન હોય તો તેઓ દ્વિતીય અપીલ સતાધિકારીશ્રી , ગુજરાત રાજય મુખ્ય માહિતી કમિશ્નર , ગુજરાત માહિતી આયોગ ,ગાંધીનગર ને અપીલ કરવા માટે જણાવેલ છે આમ સદર કેસ લીગલ છે. અરજદાર અન્ય રજૂઆત ગટર ઉપર પેશ કદમી બાબત જણાવવાનું કે જયારે સંબંધિત વિભાગ દ્વારા પેશ કદમી દુર કરવામાં આવશે ત્યારે અત્રેની કચેરી દ્વારા અપાયેલ વીજ જોડાણ નીયમ મુજબ દુર કરવામાં આવશે | કોર્ટ મેટર |
| ૨૩ | શ્રી અશ્વિન ભાઈ વેલજીભાઇ રૂડાણી , ગામ – જૂની ચાવંડ દ્વારા સદર પ્રશ્ન કરવામાં આવેલ છે<br>ટેસ્ટ રિપોર્ટ ભરેલ હોય ત્યાર થી કેટલા દિવસની અંદર ટી.સી. ચડાવવાનું હોય છે | ટેસ્ટ રિપોર્ટ ભરપાઈ થયા બાદ તાત્કાલિક અગ્રતાક્રમ મુજબ ટી.સી.ચડાવવામાં આવે છે. | નિકાલ |

| ક્રમ | રજૂઆતની વિગત | અધ્યતન અહેવાલ | નિકાલ ની કક્ષા |
|---|---|---|---|
| ૨૪ | શ્રી જયેશભાઇ બાવકુભાઇ સુવાગીયા, ગામ-જૂની ચાવંડ દ્વારા સદર પ્રશ્ન કરવામાં આવેલ છે.<br>ખેતીવાડી વીજલાઇન મેઇન્ટેનન્સ ન થવુ તથા ખેડુત અરજદાર ગ્રાહકોને વીજ જોડાણમાં સમયસર ટ્રાન્સફોર્મર ન આપવાની રજુઆત કરેલ છે. | સદર કેઇસમાં રજુઆત કર્તાએ જુની ચાવંડ ખેતીવાડી ફીડરમાં ૧૧ કે.વી.ના વાયરો બદલવા માટેની રજુઆત કરેલ છે. જેમાં જરૂર જણાયેલ સ્થળે તા.૨૦.૦૬.૧૫, તા.૨૧.૦૬.૧૫ અને તા.૦૮.૧૧.૧૫ દરમ્યાન ભરડીયાથી જુની ચાવંડ ફાટક સુધીના ૪.૫ કીલો મીટરના ૧૧ કે.વી. ના વાયરો બદલાવેલ છે. તથા બાકીના વાયરોની સ્થીતી સારી હોય તે બદલવાની જરૂરત રહેતી નથી. | નિકાલ |
| ૨૭ | શ્રી લાલજીભાઈ રામજીભાઇ રાણપરિયા , ગામ – જૂની ચાવંડ દ્વારા સદર પ્રશ્ન કરવામાં આવેલ છે.<br>દોઢેક વર્ષ પહેલા ક્વોટેસન ભરાયેલ હતું પરંતુ હજૂસુધી વીજ જોડાણ મળેલ નથી | સદર કેસમાં વીજ ભાવ પત્રક ભરાયા બાદ લાઇન કામ કરવા જતાં બાજુ ના ખેડુત શ્રી રવજી ભાઈ રણછોડભાઈ વિરાણી દ્વારા લાઈન ઉભી કરવામાં વાંધો લેવામાં આવેલ છે અને આ વાંધો દૂર ન થઈ શકતા સદર કેઇસ ને નામદાર જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીને વે ક્લીયરન્સ માટે મોકલવામાં આવેલ છે. જેનો નીર્ણય આવ્યેથી વીજ જોડાણની લાઇન કામગીરી હાથ ધરી શકાય આમ સદર બાબત લીગલ છે. | કોર્ટ મેટર |
| ૨૯ | પ્રવીણભાઈ મેઘજીભાઈ સુવગિયા , ગામ- જૂની ચાવન્દ દ્વારા સદર પ્રશ્ન કરવામાં આવેલ છે<br>ખેતીવાડીમાં પાવર ના ફેરફાર ની એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા બાબત ની રજૂઆત કરવામાં આવેલ છે | હાલ ખેતીવાડી ફીડેરોમાં પાવર નો ફેરફાર દર શનિવાર ના રોજ થાય છે જેની જાણ હાલ સબ સ્ટેશન દ્વારા અથવા ફોલ્ટ ઓફિસ દ્વારા થાય છે અને ફોલ્ટ ઓફિસ માં આ બાબતે નોટિસ પણ મારવામાં આવે છે. હાલ આ બાબત નીતિ વિષયક છે. | નીતિ વિષયક |
| ૩૦ | શ્રી રાજેશ મોહન તલાવિયા , ગામ-જૂની ચાવંડ દ્વારા સદર પ્રશ્ન કરવામાં આવેલ છે.<br>અસરગ્રસ્ત વર્ષ હોવાને કારણે સહાયથી કેઇ કોઈ યોજના દ્વારા ખેડૂત ને તાત્કાલિક વીજ કનેક્શન આપવા | સદર બાબત એ નીતિવિષયક બાબત છે | નીતિ વિષયક |

| ક્રમ | રજૂઆતની વિગત | અધ્યતન અહેવાલ | નિકાલ ની કક્ષા |
|---|---|---|---|
| ૩૭ | શ્રી ગફ્ફારભાઈ કાસમભાઈ ભોર , ગામ – વિસાવદર દ્વારા સદર પ્રશ્ન કરવામાં આવેલ છે.<br>વિસાવદર શહેર માં કોઈપણ જગ્યાએ લાઈન ફોલ્ટ થાઈ તો આખા શહેર માં લાઇટ બંધ કરવામાં આવે છે પરંતુ વિસાવદર શહેર ના વિસ્તાર વાઈજ ઝોન પાડવામાં આવે તો આ સમશ્યા નો ઉકેલ નીકળી શકે આ અગાઉ પણ ઘણી વખત અવાર નવાર રજૂઆત કરવામાં આવેલ છે પરંતુ અમલવારી થતી નથી | હાલ વિસાવદર શહેર ને 66 કે.વી. વિસાવદર સબ સ્ટેશન માથી નીકળતા વિસાવદર ટાઉન ફીડર માથી વીજ પુરવઠો આપવામાં આવે છે તથા સદર ફીડર માં કુલ 57 ટ્રાન્સફોરમેર આવેલા છે અને સદર ફીડર માં હાલ કુલ ૪ ૧૧ કે.વી. ની સ્વિચ નાખવામાં આવેલી છે. જેથી સામાન્ય ફોલ્ટ માટે સદર સ્વિચ નો ઉપયોગ કરવામાં આવે છે પરંતુ સલામતી ને ધ્યાન માં રાખી ને અમુક સંજોગોમાં લાઇન ક્લિયર લઈ ને લાઇન કામ કરવામાં આવે છે. | નિકાલ |
| ૬૭ | શ્રી ભવનાથ ભાઇ બેચર ભાઈ , ગામ – રામપરા દ્વારા સદર પ્રશ્ન કરવામાં આવેલ છે<br>વીજ જોડાણના નાણાં ભરપાઈ હોવા છતાં ધક્કા ખવડાવે છે | સદર કેસ માં બાજુવાળા ખેડુત શ્રી દાનાભાઈ લાખા ભાઈ આહીર દ્વારાવાંધો લેવામાં આવેલ હતો જે હાલ સમાધાન થઈ ગયું હોય હાલ સદર કામ ના પોલ ઉભા થઈ ગયેલ છે અને જેમાં ૧.૭૨૫ કીલોમીટર ની લાઇન ઉભી કરવાની થતી હોય જે લાઇન કામગીરી તા.૧૧.૦૪.૨૦૧૬ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે અને અગ્રતાક્રમ મુજબ રજૂઆતકર્તાનું વીજ જોડાણ તા.૧૫.૦૪.૨૦૧૬ ના રોજ નિયમ મુજબ રિલીસ કરી રજૂઆત નું નિરાકરણ કરવામાં આવેલ છે. | નિકાલ |
| ૬૯ | શ્રી ચંદુભાઈ ઢેબરિયા, ગામ-ભલગામ દ્વારા સદર પ્રશ્ન કરવામાં આવેલ છે.<br>ખેતીવાડી માં લગાવેલ મિટરનો ચાર્જ લેવામાં આવે છે. તદ ઉપરાંત મિટર બળી જાય અથવા તો કન્નેક્ટર માથી છેડા બળી જાય તો ગ્રાહક ને મિટરના પૈસા ભરવાનું કહેવામા આવે છે તો આ બે ધારી નીતિ ક્યારે બંધ થશે | જીઈઆરસી (ગુજરાત ઇલેક્ટ્રીસિટી રેગ્યુલેટરી કમિશન) ના વર્ષ- ૨૦૧૫ ના નોટિફિકેશન નં.૦૪ ના ક્લોજ નં.૦૬.૪૪ મુજબ બળેલા મીટરોનો ચાર્જ ગ્રાહક પાસેથી લેવામાં આવે છે તદ્દપરાંત વધુમાં જણાવવાનું કે વીજ ગ્રાહક પાસેથી મીટર ભાડું જીઈઆરસી (ગુજરાત ઇલેક્ટ્રીસિટી રેગ્યુલેટરી કમિશન) ના વર્ષ ૨૦૦૫ ના નોટિફિકેશન નં.૦૯ ના ક્લોજ નં. ૦૮.૦૨.D મુજબ લેવામાં આવે છે. | નિકાલ |